# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-12-2024** **Morning : 7.10 to 7.20**
**Day: SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકીતા શાહ** વાંચે છે.

---

1) **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગતિશક્તિ વિશ્વ-વિદ્યાલય પરિસર માટે 31 હેક્ટર જમીન આપવાની જાહેરાત કરી**
2) **રાજ્ય સરકારના કર્મચારી અને અધિકારીઓ માટે નિવૃત્તિ અને અવસાન ગ્રેજ્યુઈટીની મહત્તમ મર્યાદામાં 25 ટકાનો વધારો કરાયો**
3) **અમદાવાદ હવાઈમથકથી ધોરડો રણોત્સવ સુધી એસ.ટી. વિભાગે નવી વૉલ્વો બસ સેવાનો પ્રારંભ કર્યો**
4) **નવી શિક્ષણનીતિ તૈયાર કરવામાં યોગદાન આપવા બદલ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસની પ્રશંસા કરી હતી.**
5) **રાજકોટમાં યોજાયેલી 68મી રાષ્ટ્રીય કક્ષાની શાળાકીય તરણ સ્પર્ધામાં ગુજરાતે ત્રણ સુવર્ણ સહિત પાંચ ચંદ્રકો જીત્યા**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# CM Gati Shakti University

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગતિશક્તિ વિશ્વ-વિદ્યાલય પરિસર માટે 31 હેક્ટર જમીન આપવાની જાહેરાત કરી છે. ગઈકાલે વડોદરા ખાતે ગતિશક્તિ વિશ્વવિદ્યાલયના દ્વિતીય પદવીદાન સમારોહમાં મુખ્યમંત્રીએ આ જાહેરાત કરી હતી. આ પ્રસંગે તેમણે યુવા પદવીધારકોને વિકસિત ભારત @2047ના નિર્માણમાં મહત્ત્વપૂર્ણ ભૂમિક નિભાવવા આહ્વાન કર્યું હતું અને આ વિશ્વ-વિદ્યાલય દેશના યુવાનોને આ ક્ષેત્રે વ્યવસાયિક તકો પૂરી પાડવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આ વિશ્વ-વિદ્યાલય દેશની શ્રેષ્ઠ વિશ્વ-વિદ્યાલયમાં સ્થાન પામશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો. તેમણે માત્ર લોજિસ્ટીક ક્ષેત્રે જ નહીં પરંતુ સેમી કંડ્કટર, શહેરી આયોજન જેવા વિવિધ ક્ષેત્રોમાં પણ ઉદ્યોગને યોગ્ય માનવબળ પૂરું પાડવા ગતિશક્તિ વિશ્વવિદ્યાલયની ભૂમિકાની પ્રશંસા કરી હતી.

---

- મા.ખા., નીકિતા શાહ, મયુર

# School Health Checkup Program

શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમના આયોજન તથા સુચારૂ અમલીકરણ માટે ગઇકાલે  ગાંધીનગર ખાતે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં શાળા આરોગ્ય - રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમની માર્ગદર્શક કમિટીની બેઠક યોજાઇ હતી. જેમાં આ યોજના સંબધિત બાળકલ્યાણ અર્થે વિવિધ મુદ્દાઓ સંદર્ભે તથા વિવિધ કાર્યયોજના પર  વિગતવાર ચર્ચા હાથ ધરાઇ હતી.

દરમિયાન સારવારમાં બેદરકારી દાખવતા તબીબો કે હોસ્પિટલની ગુનાહિત પ્રવૃત્તિને કોઇ પણ ભોગે  સાંખી લેવામાં નહીં આવે તેમ આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું. PM JAY યોજના અંગે કરાયેલી વિવિધ વ્યવસ્થાની સમીક્ષા બેઠકમાં થયેલી ચર્ચા અંગે આરોગ્ય મંત્રીએ આ મુજબ જણાવ્યું.

## (બાઇટ - ઋષિકેશ પટેલ, આરોગ્યમંત્રી)

---

- PTC-GANDHINAGAR-DURGESH MEHTA,  HARSHAL PANDYA,, SONAL
- નીકીતા માં ખા
, NAVIN

# RETIREMENT AND DEATH GRATUITY

રાજ્ય સરકારના કર્મચારી અને અધિકારીઓ માટે નિવૃત્તિ અને અવસાન ગ્રેજ્યુઈટીની મહત્તમ મર્યાદામાં 25 ટકાનો વધારો કરાયો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેન્દ્ર સરકારના ધોરણે વય નિવૃત્તિ અને અવસાન ગ્રેજ્યુઈટીની મહત્તમ મર્યાદામાં 25 ટકાનો વધારો કરવાનો નિર્ણય કર્યો છે. રાજ્ય સરકારના કર્મચારીઓ અને અધિકારીઓને હાલ વય નિવૃત્તિ સમયે નિવૃત્તિ તથા અવસાન ગ્રેજ્યુઈટી મહત્તમ 20 લાખ રૂપિયાની મર્યાદામાં આપવામાં આવે છે. જે હવેથી આ નિર્ણયને પગલે, 25 લાખ રૂપિયાની મર્યાદામાં અપાશે. આ લાભ પહેલી જાન્યુઆરી, 2024 પછી વય નિવૃત્ત થતા કર્મચારી અને અધિકારીઓને મળશે. મુખ્યમંત્રી સમક્ષ રાજ્યના નાણાં વિભાગે રજૂ કરેલી આ દરખાસ્તને તેમણે અનુમતિ આપતા આ અંગેના જરૂરી ઠરાવો નાણાં વિભાગ જાહેર કરશે.

રાજ્ય સરકારને આ નિર્ણયને પરિણામે અંદાજે વાર્ષિક 53 કરોડ 15 લાખ રૂપિયાનું ભારણ વધશે.

---

- રીપીટ

# AHMEDABAD TO DHORDO ST BUS

અમદાવાદ હવાઈમથકથી કચ્છના ધોરડોમાં યોજાયેલા કચ્છ-રણોત્સવ સુધી ગુજરાત એસ.ટી. વિભાગે ગઈકાલથી નવી વૉલ્વો બસ સેવાનો પ્રારંભ કર્યો છે. આ બસ દરરોજ સવારે 6 વાગ્યે અમદાવાદ હવાઈમથકથી ઉપડશે, જે વાયા કૃષ્ણનગર, ગીતા મંદિર, નેહરૂનગર, સામખિયાળી, ભુજ રૂટ પરથી પસાર થઈ સાંજે સાડા 4 વાગ્યે ધોરડો પહોંચાડશે. અમદાવાદ હવાઈમથકથી ધોરડો રણોત્સવ સુધી એક હજાર 93 રૂપિયા વત્તા વસ્તુ અને સેવા કર- GST ભાડું થશે.

જ્યારે ધોરડોથી અમદાવાદ હવાઈમથકે પરત આવવા માટે પણ આ જ પ્રમાણેનું ભાડું છે. દૈનિક ધોરણે સંચાલિત આ બસ ધોરડોથી અમદાવાદ માટે દરરોજ બપોરે 12 વાગ્યે ઉપડશે. ગુજરાત રાજ્ય માર્ગ અને વાહન-વ્યવહાર નિગમ- GSRTC અને પ્રવાસન વિભાગના સંયુક્ત ઉપક્રમે આ સેવા શરૂ કરાઈ છે. આ સેવાનો લાભ લેવા નિગમની વેબસાઈટ WWW.GSRTC.IN પર ઑનલાઇન રિઝર્વેશન કરાવી શકાશે.

GSRTC વિભાગ દ્વારા કચ્છના સ્થાનિક પ્રવાસન સ્થળોને વધુ જાણવા માટે ધોરડો ખાતે ટૂરિસ્ટ સર્કિટ બસ સેવાનો પ્રારંભ કરાશે.

---------------------------------------------------------------------

- (માહિતી ખાતા ગાંધીનગર- પ્રવેશ અડિએચા) NAVIN

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# RAJYAPAL GUJARAT VIDYAPITH

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું કે, ‘શિક્ષણનું લક્ષ્ય સમગ્ર જીવનનો વિકાસ, વ્યક્તિત્વને પૂર્ણ નિખારવું, માતાપિતા, સમાજ અને રાષ્ટ્ર પ્રત્યે જવાબદાર નાગરિક તૈયાર કરવાનું છે.’ ગૂજરાત વિદ્યાપીઠ અને નવી દિલ્હીના શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ સંયુક્ત ઉપક્રમે ગૂજરાત વિદ્યાપીઠ પરિસરમાં આયોજિત ‘જ્ઞાનકુંભ 2024’ના શુભારંભ પ્રસંગે રાજ્યપાલશ્રીએ આ મુજબ જણાવ્યું હતું.

શિક્ષણ વ્યવસ્થામાં ભારતીય મૂલ્ય અને સંસ્કારોને અનન્ય સ્થાન અપાવવા કાર્ય કરવા બદલ તેમજ નવી શિક્ષણનીતિ તૈયાર કરવામાં યોગદાન આપવા બદલ શ્રી દેવવ્રતે શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસની પ્રશંસા કરી હતી. શ્રી દેવવ્રતે કહ્યું, ‘ભારતની વર્તમાન અને આવનારી પેઢી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને નવી શિક્ષણ નીતિના અમલ બદલ કાયમ યાદ રાખશે.’

જ્ઞાનકુંભ અંતર્ગત યોજાયેલી અખિલ ભારતીય પ્રશ્નોત્તરી સ્પર્ધાના વિજેતાઓને રાજ્યપાલશ્રી સહિતના મહાનુભાવોએ પારિતોષિક એનાયત કર્યા હતા.

---

- (માહિતી ખાતા- પ્રવેશ અડિએચા), NAVIN

# KHYATI HOSPITAL CASE

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલ ગેરરીતિ કેસમાં ધરપકડ કરાયેલા પાંચેય આરોપીઓને જ્યુડિશીયલ કસ્ટડીમાં મોકલાયા છે.

અમદાવાદના અમારા પ્રતિનિધિ આશિષ પંચાલ જણાવે છે કે, ચિરાગ રાજપૂત, પ્રતીક ભટ્ટ, મિલિન્દ પટેલ, રાહુલ જૈન અને પંકિલ પટેલ એમ પાંચેય આરોપીઓના ૩ દિવસના રિમાન્ડ પૂરા થતાં ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ગઈકાલે તેમને અમદાવાદ ગ્રામ્ય અદાલતમાં રજૂ કરાયા હતા. ગ્રામ્ય અદાલતના મેજિસ્ટ્રેટે તમામ આરોપીઓને જ્યુડિશીયલ કસ્ડીમાં મોકલી અપાયા છે. આ જ કેસમાં બે આરોપીઓ ડૉ. સંજય પટોલિયા અને રાજશ્રી કોઠારીએ આગોતરા જામીન અરજી દાખલ કરી છે. આ અંગે અદાલત આગામી સમયમાં નિર્ણય લેશે.

---

- પીટીસી, અમદાવાદ, નીકિતા શાહ, મયુર

# RAJKOT TARAN SPARDHA

રાજકોટ ખાતે રમાયેલી 68મી શાળાકીય રાષ્ટ્રીય તરણ સ્પર્ધામાં ગુજરાતે 3 સુવર્ણ, એક રજત અને એક કાંસ્ય ચંદ્રક સહિત 5 ચંદ્રક જીત્યા છે. સાત દિવસથી ચાલી રહેલી આ સ્પર્ધાનું ગઈકાલે સમાપન થયું છે. ગઈકાલે અંતિમ દિવસે રાજ્યના વેનિકા પરીખે તેમનો ત્રીજો સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. વેનિકાએ 100 મીટર બ્રેસ્ટ સ્ટ્રોક સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો હતો.

આ સ્પર્ધામાં 55 ચંદ્રક સાથે મહારાષ્ટ્ર પહેલા, 42 ચંદ્રક સાથે કર્ણાટક બીજા સ્થાને રહ્યું છે. જ્યારે 5 ચંદ્રક સાથે ગુજરાત 10મા સ્થાને રહ્યું. વિજેતાઓને સાંસદ પરશોત્તમ રૂપાલા તેમજ મહાનુભાવો હસ્તે ટ્રોફિ એનાયત કરાઈ હતી. આ સ્પર્ધામાં કેન્દ્રિય વિદ્યાલયમાંથી ભાગ લેનાર રાજકોટના હીર પિત્રોડાએ બે સુવર્ણ ચંદ્રકો મેળવી રાજકોટનું નામ રોશન કર્યું છે.

---

- ન્યુઝ પેપર, માહિતી, નિકીતા, મયુર

# WORLD POWER LIFTING CHAMP.. VALSAD

રાજ્યનાં ખેલાડી ક્રિષ્ના કદમે રશિયા ખાતે યોજાયેલી વર્લ્ડ પાવર લિફ્ટિંગ સ્પર્ધામાં વિવિધ શ્રેણીમાં 2 સુવર્ણ સહિત 5 ચંદ્રક જીત્યા છે.

વલસાડના અમારાં પ્રતિનિધિ નવીન પટેલ જણાવે છે કે, જિલ્લાના મહિલા ખેલાડી ક્રિષ્ના કદમે તાજેતરમાં રશિયાના મોસ્કો ખાતે વર્લ્ડ પાવર લિફ્ટિંગ સ્પર્ધામાં સ્કવોટ્સ અને ડેડ લિફ્ટમાં એમ બે સુવર્ણ તેમજ બેન્ચ અને પૂશ પૂલમાં એક-એક રજત ચંદ્રક, 60 કિલો શ્રેણી ફૂલ પાવર લિફ્ટિંગમાં એક રજત ચંદ્રક મળી કુલ 5 ચંદ્રક જીત્યા છે.

------------------------------------------------------------------------

- PT-VALSAD-NAVIN PATEL, MITTAL PATEL, SONAL NAVIN

# BHAVNAGR - KALA MAHAKUMBH

ભાવનગર જિલ્લા અને તાલુકા કક્ષાએ આજથી કલા મહાકુંભની સ્પર્ધાઓ માટે નોંધણી શરૂ થશે. જે 20 મી ડિસેમ્બર સુધી કરી શકાશે.

રાજ્યસરકારનાં યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા અને ભાવનગર જિલ્લા વહીવટી તંત્ર તેમજ જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી ભાવનગર ગ્રામ્ય દ્વારા આ વર્ષે પણ કલા મહાકુંભનું તાલુકા અને જિલ્લાકક્ષાએ આયોજન થશે. આ વર્ષે કલા મહાકુંભમાં કુલ- 37 વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ અને કુલ ચાર વયજૂથ 6 થી 14 વર્ષ, 15 થી 20 વર્ષ, 21 થી 59 વર્ષ અને 60 વર્ષથી ઉપરના વયજૂથમાં સ્પર્ધા યોજાશે.

આ કલા મહાકુંભના વિગતવાર નિયમો અને અરજી કચેરીના સરનામા, જે તે તાલુકાનાં નિમંત્રક, તેમજ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, જી-1/2, એનેક્સ કરતી બિલ્ડીંગ, બહુમાળી ભવન, ભાવનગર ખાતેથી મેળવી શકાશે.

----------------------------------------------------------------------

- PTC-BHAVNAGAR-SURESH TRIVEDI, BAKULA, SONAL NAVIN

# WEATHER

રાજ્યના હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર ન થવાની આગાહી કરી છે.

વિભાગે જણાવ્યું કે, રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં સૌથી ઓછું 13 ડિગ્રી સેલ્સિયસ તાપમાન કચ્છના નલિયા, કંડલા હવાઈમથક, જુનાગઢના કેશોદ અને બનાસકાંઠાના ડીસામાં નોંધાયું હતું. જ્યારે વેરાવળમાં 18, ભાવનગર અને મહુવામાં 17, ભુજ અને અમદાવાદમાં 16, ગાંધીનગર અને વલ્લભ વિદ્યાનગરમાં 15-15 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું છે.

----------------------------------------------------------------------

- **(IMD AHMEDABAD- PRAVESH ADIACHA)**

, NAVIN